# નિરંજન ભગત સ્મૃતિ પુરસ્કાર
# સ્વીકાર વ્યાખ્યાન,
# મંગળવાર
# ૧૮-મે-૨૦૨૧

## હરીશ મીનાશ્રુ



આ સભાના અધ્યક્ષ શ્રી પ્રફુલ્લભાઇ તથા નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના સર્વ ટ્રસ્ટીશ્રીઓ શૈલેશભાઇ, ત્રિદીપ ભાઇ અને આ સ્થળકાળ નિરપેક્ષ સભાખંડમાં હાજર સૌ નિરંજન સ્નેહીજનો, કાળનિરપેક્ષ એટલા માટે કે એક સૂક્ષ્મ અર્થમાં વર્ચ્યુઅલ પ્રકારના કાર્યક્રમોને ઔપચારિક સમાપન હોય છે પણ સમાપન નથી હોતું. કેટલાક દર્શકો ભવિષ્યમાં પણ આ પ્રસંગમાં હાજરી નોંધાવતા રહે તે સંભવ તો ઊભો જ રહે છે.

કાલિદાસના યક્ષ જેવી છે આપણી સ્થિતિ. એના સંદેશા વહી જવા માટે કાલિદાસની કલ્પનાનો મેઘ હતો. આપણે નસીબદાર છીએ કે આજના આ virtual આભાસી મેળાપમાં આજે મેઘ કહેતાં cloud આપણી સહાયમાં છે. છતાં આ મિલનમાં વિરહની સહોપસ્થિતિ તો છે જ, તે સ્વીકારવું રહ્યું.

૧૮ મે ૨૦૨૧- છન્નુમો જન્મદિવસ છે ભગત સાહેબનો. જન્મતિથિ અને તારીખની યુતિ છે. ભગત સાહેબની ચેતનાને વંદન કરી હું આપ સૌ નિરંજન ભાવક જનોને, ને મને પણ, અભિનંદન આપું છું.

વિષ્ણુની મુલાકાત વૈકુંઠમાં સંભવ નથી એવું સ્વયં પુરુષોત્તમનું કવન છે:

**નાહમ્ વસામિ વૈકુંઠે, યોગીનાં હૃદયે ન ચ ।**
**મદ્ભક્તા યત્ર ગાયન્તિ તત્ર તિષ્ટામિ નારદ ।।**

કવિઓ માટે પણ આ વાત એટલી જ સાચી છે કારણ કે અવસાન બાદ કવિઓ પણ એમના સ્થાનકે કે એમના શુષ્ક સ્કોલરોના લેખોમાં વસતા નથી, તેઓ તો -'મદ્ભક્તા યત્ર ગાયંતિ તત્ર તિષ્ટામિ '- ની જેમ જ એમના અનુરાગી ભાવકજનોના આર્દ્ર કંઠોમાં જઇને જ વસતા હોય છે. એમના વસવાટને અનુકૂળ પોએટિક સ્પેસ અન્યત્ર હોતી જ નથી.

આ કારણે જ ભગત સાહેબના જન્મદિવસના અભિનંદન ઝીલવાના આપણે અધિકારી ઠરીએ છીએ.

ભગત સાહેબની દૃઢાગ્રહી વ્યક્તિતામાં કવિ, વિદ્વાન અને મનુષ્યતાની સતત ખેવના કરતો આવેશભર્યો બૌદ્ધિક એ ત્રણેય યુગપત રીતે ઊભા છે. એમની સિસૃક્ષા પર ભાવોર્મિની સાથે ચિંતનાત્મક બુદ્ધિનો પણ હક્કદાવો છે. એમણે પ્રવાલદ્વીપ જેવાં આધુનિકતાની નાંદી સમાન કાવ્યો ન રચ્યાં હોત ને કેવળ ઝીણા નકશીદાર ગીતો જ લખ્યાં હોત તો પણ એ કવિ લેખે આપણને પ્રિય ને ચિરસ્મરણીય થઇ રહ્યા હોત. Rapid fire roundમા કોઇ મને પાંચ શબ્દોમાં ભગતસાહેબનું પોર્ટ્રેઇટ ચિતરવા કહે તો હું આ પાંચ શબ્દો પસંદ કરું: કવિ-એકાકી- પ્રેમી-મિત્ર અને નાગરિક.

ભગત સાહેબ સાથે મારો કેવો અનુબંધ? એક પ્રતિભાવંત કવિ સાથે જેવો એક સહૃદય ભાવકનો હોય, વળી એક અદના સમકાલીન ને અનુકાલીન કવિનો હોય. આ પહેલાં જીવનમાં કેવળ ચાર વાર મારો ભગત સાહેબ સાથે ભેટો થયો છે. એની વાત કરું. વર્ષો પહેલાં - સાલ યાદ નથી- અમદાવાદ ખાતે કનોરિયા સેન્ટર ફોર આર્ટ્સ-માં આપણા સરસ કવિ,  ઉત્તમ સંપાદક અને છબિકાર ભરત નાયકે ઈડરિયા પથ્થરોની એમની તસવીરોનું પ્રદર્શન યોજ્યું હતું. એમાં એક સાંજે મારે એકલાએ જ કાવ્યપાઠ કરવાનો હતો. solo recitation.

એ દિવસે બીજા મિત્રો સાથે મારી સામે પાથરણા પર બે કાવ્યમરમીઓ પલાંઠી વાળીને બેઠેલા હતા: એક તે ભગત સાહેબ અને બીજા ભાયાણી સાહેબ. આ પ્રથમ મુલાકાત. અબુધની પ્રબુદ્ધો સાથેની. પઠન દરમિયાન મેં કોઈ કાવ્યપંક્તિનું બે વાર પઠન કર્યું હશે કે તરત જ ભવાં ચઢી ગયેલાં, આંખોની રંગત બદલાઈ ગયેલી ને એ કસૂર સબબ પ્રસાદીમાં નિરંજન બ્રાંડનો ઠપકો મળેલો ને મેં એ ભોળા ભગતની જેમ ચુપચાપ ખાધો હતો: **શું તમે એ પંક્તિઓ કાવ્યમાં બે વાર લખી છે તે બે વાર પઠન કરો છો?** તે વખતની મારી અવાચક મુખમુદ્રા તમે કલ્પી શકો છો: આ પંક્તિને છાજે તેવી જ હશે:

**'પિતામહ તમે અને શિશુક હું કલા સૃષ્ટિમાં'**-

બીજી મુલાકાત જરા ભેદભરમવાળી છે. સાહિત્ય અકાદમીના અંગ્રેજી અનુવાદના સામયિક Indian literatureના સપ્ટેમ્બર ઓક્ટોબર ૧૯૯૭ના ૧૮૧મા અંકમાં મારી પ્રેમસૂક્ત ગુચ્છમાંની થોડીક કવિતાઓ અને એક ગઝલના અનુવાદ પ્રગટ થયેલા. અનુવાદક હતા રૂમી નક્વી. એ કવિતાઓની સાથે, મારા આશ્ચર્ય અને આઘાત વચ્ચે, એક બીજી કવિતા પણ મારે નામે ચઢી ગયેલી: Doves. ભગત સાહેબની 'પારેવાં' : **ઝૂકી ઝૂકી આભથી સારા, ઝીંકાતી આષાઢધારા.** એ નિર્દોષ અપરાધ તો હશે કોઈ પ્રુફરીડરનો, પણ એ દિવસોમાં એનો અપરાધબોધ કેવળ મેં જ અનુભવ્યો હતો. હું જ મને ક્યારેક કબૂતર જેવો જણાતો, તો ક્યારેક ઉઠાવગીર.

ત્રીજી મુલાકાતની વાત કરું: ૨૦૧૪ના ડિસેમ્બરમાં રાજેન્દ્ર શાહ શતાબ્દિ સ્મરણ નિમિત્તે નવી દિલ્હીવાળી અકાદમીએ વિશેષ કાર્યક્રમ યોજ્યો હતો. ત્યારે ભગત સાહેબના વ્યાખ્યાન બાદ એમને મળવાનું બન્યું હતું. કવિ જયદેવ શુક્લ પણ સાથે હતા. કોઈએ ભગત સાહેબ સાથે અમારો ફોટો પણ પાડેલો. એ ફોટો મારી પાસે નથી. એક જાહેર અપીલ: એ અજનબી ફોટોગ્રાફર પાસેથી કોઈ મને એ તસવીર મેળવી આપશે તો હું આભારી રહીશ.

ચોથી મુલાકાત ૨૦૧૮માં. જ્યારે ભગત સાહેબના એમના અવસાનના બીજા જ દિવસે પુણ્યસ્મરણ શ્રેણીમાં એમની જ કાવ્યપંક્તિઓની ભૂમિકા પર એક ગઝલ લખવી શરુ કરેલી. એમનાં જ કલ્પનોની મોઝેઇક ગઝલ. ચિત્તમાં ભૂતકાળની પેલી ઉઠાવગીર વાળી કપોળકલ્પના પડેલી હતી એટલે to be on safer side, મક્તામા મેં જ સ્વગત પૂછી લીધેલું :

**મક્તામાં હું નામ નિરંજન ભગત મૂકું કે? સ્વગત કહું**
**શબ્દકિનારે વ્હાણ મૌનનું હું લાંઘરવા આવ્યો છું**

એ ચાર મુલાકાતો બાદ આજે ગોઠવાઇ છે તે આ પાંચમી મુલાકાત. એનો શ્રેય કેવળ આપ સૌને જાય છે. તે દિવસે એમની કવિતા સાથે કોઈ અજાણ્યા દેવદૂતે મારું નામ જોડી દીધેલું, પછી મેં જ જાતે એવી ધૃષ્ટતા કરેલી. ને આજે મારી અને મારી કવિતા સાથે આપ સૌના સૌજન્યથી ભગત સાહેબનું શુભ નામ જોડાઇ રહ્યું છે.

જો કે આ પાંચમી મુલાકાતને આખરી માનવાની ભૂલ હું નહીં કરું, કેમ કે આપણા એક સમકાલીન કવિએ જાહેર કર્યું  છે તે મુજબ ‘મુલાકાતનો સમય હવે શરુ થાય છે.’

મને ખબર છે, કવિતાઅનુરાગી અને ભાષાના આશિક હોવાને નાતે મૂળે તો આપણને કવિતાઓ ગમતી હોય છે, પણ કવિતાપદાર્થ અદેહી હોવાને કારણે આપણે કવિતાની અવેજીમાં કવિ પ્રત્યે પ્રેમ દર્શાવવો પડે છે.

આપ સૌની આ ચેષ્ટામાં જે પ્રેમઅંશ છે તેને હું, ગુજરાતી ભાષાને રળિયાત કરનારા ત્રણ ત્રણ ગુજરાતી સર્જકો , - સુરેશ જોશી, ઉશનસ્ અને જયંત પાઠકની જન્મશતાબ્દીઓની સાક્ષીએ માથે ચડાવું છું.

આ નિમિત્ત ઊભું કરનાર નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ અને નિર્ણાયક પંચનો હું આભારી છું. આ પ્રસંગે પુરોહિતકર્મ કરનારા સન્મિત્ર ત્રિદીપભાઇનો પણ આભારી છું. .

ખરેખર તો આ ક્ષણ ખુશીની છે. પણ ખુશીને ગમગીનીનું ગ્રહણ લાગેલું છે. આપણાં હૃદય કરૂણ લયમાં ધબકી રહ્યાં છે.  ભગત સાહેબની જ એક પંક્તિ છે:

**હે નયન, છો તમે સૃષ્ટિનો કરુણતમ શ્લોક!**

આજે આપણને આ પંક્તિની વ્યંજના જે રીતે સમજાય છે, એવી ક્યારેય સમજાઇ હતી ખરી?

આજે સૃષ્ટિનાં સઘળાં શોકાતુર નયનો કરુણતમ શ્લોક બની ગયાં છે. આપણે કેટલા બધા આત્મીયજનો ગુમાવ્યા. વિશ્વએ કેટલા બધા કલામર્મજ્ઞોને અકાળે વિદાય આપી. બંગાળે શંખ ઘોષ, મળયાલમે અક્કીથમ, હિન્દીએ મંગલેશ ડબરાલ, ગુજરાતીએ એનો લોકકવિ દાદ બાપુ: ને હમણાં જ ધીરુ પરીખ. લગભગ બધી ભાષાઓએ પોતાના મૂલ્યવાન કવિઓ  ગુમાવ્યા છે. ફેસબુક ટ્વિટર કે વોટ્સપ જેવાં સામાજિક માધ્યમોમાં જાણે એક અખંડ શોકસભા ચાલી રહી છે. જોહ્ન ડનનો અવાજ જાણે સર્વત્ર ગુંજી રહ્યો છે:.

**Any man's death diminishes me, because I am involved in Mankind; And therefore never send to know for whom the bell tolls; it tolls for thee.**

કરૂણતા એ વાતે છે કે આ દિવસોમાં મરણ પ્રેયસીના વેશમાં નથી આવતું. ડમરીની જેમ આવે છે ને ઉડાડી જાય છે, પાછળ રાખની કુલડીઓ છોડીને. ક્યારેક તો એ કુલડીઓ લેવાય કોઇ આવતું નથી.

પોલિશ કવિ ચેસ્લૉ મિલૉશની કાવ્યપંક્તિ છે:
**માણસનું મૃત્યુ એક બલિષ્ઠ રાષ્ટ્રના પતન સરખું છે.**
તો વિચારો, આ છેલ્લા થોડાંક મહિનાઓમાં કેટલાં રાષ્ટ્રોનું પતન થયું ગણાય?

મને અત્યારે ભગત સાહેબનું નરસિંહ મહેતા એવોર્ડ સ્વીકારતી વેળાનું ૧ નવેમ્બર ૨૦૦૧નું વ્યાખ્યાન યાદ આવે છે. એ  વાંચતાં ભગત સાહેબ મને પ્રખર ભાવનાશીલ અને આશાવાદી લાગેલા, આજે પણ લાગે છે. ભગત સાહેબ ન્યૂ યોર્ક પ્રત્યે ભારે અહોભાવ ધરાવે છે ને એ પ્રગટ પણ કરતા રહે છે. ન્યૂ યોર્કની વૈશ્વિક સામુહિકતા ને મહાનગરીય ભરપુરતાના આલંબને શું એ પોતાના ચિત્તમાં બાલ્યકાળથી ઘર કરી બેઠેલી એકાંતની સંવેદના અને એકલતાની સભાનતાને અતિક્રમી જવા મથતા હશે? હું ખોટો પણ હોઇ શકું. જો કે મારાં ટૂંકી દૃષ્ટિનાં - માયોપિયાનાં ચશ્માથી  મને ભાસેલું ન્યૂ યોર્ક જુદું છે. એનું કારણ કદાચ એ પણ હોઇ શકે કે ૧૯૮૫માં ભગત સાહેબે ન્યૂ યોર્કનું જે વિહંગાવલોકન કરેલું તે વર્લ્ડ ટ્રેડ સેન્ટરની ટોચ પરથી કરેલું, પણ હું જ્યારે ૨૦૦૩માં ન્યૂ યોર્ક પહોંચ્યો ત્યારે મારે તો ગ્રાઉન્ડ ઝીરો પર ઊભા રહેવાનો વારો આવ્યો હતો. નર્મદના શબ્દો પ્રયોજું તો એક ‘ઘાયલ ભૂમિ’ પર.

એ વ્યાખ્યાનમાં ભગત સાહેબે એક કવિતા ટાંકી હતી: ‘ન્યુયોર્ક નામે પંખી!’ ખરેખર પંખી તો સ્વયં નિરંજન ભગત હતા કે જે વર્લ્ડ ટ્રેડ સેન્ટરના ૧૧૦મા માળેથી એ નગરનું વિહંગાવલોકન કરી રહ્યા હતા . ટ્વીન ટાવર્સના ધ્વસ્ત થયા પછી પણ એમનો ન્યૂ યોર્ક પ્રત્યેનો અહોભાવ આ શબ્દોથી પ્રગટ થતો રહે છે: ન્યૂ યોર્કને એ રાષ્ટ્રોનું રાષ્ટ્ર, megapolis, microcosm of the world, એકમેવ અદ્વિતીયમ્ એવું નગર - ઇત્યાદિ વિશેષણોથી નવાજે છે.

એ ઊર્ધ્વરેખ નગરના, એ ઉન્નતભ્રુ સમૃદ્ધ દેશના કેવા હાલહવાલ થયા હતા ૨૦૨૦માં? જેમ આજે આપણે મણિકર્ણિકા બની ગયા છીએ એમ આખું ન્યૂ યોર્ક નગર શબવાહિનીઓની સાઇરનોના અવાજથી  ઘેરાઇ ગયું હતું, ભગત સાહેબનું એ અભ્રસ્તાન જાણે કબ્રસ્તાનની ધારે ઊભું હતું. સમર્થ મનાયેલા રાષ્ટ્રનું અસામર્થ્ય છતું થઇ ગયું હતું. દર્પનું અવસર્પણ થયું હતું. આકાશગામી ચૈતન્ય ધ્વસ્ત અને ધરાશાયી થઇ ગયું હતું.

શું ત્યાં કે શું અહીં,- વિકાસની લ્હાયમાં સંસ્કૃતિ ને પ્રકૃતિના નિરંતર વિસંવાદની અને ભોગવટાની લ્હાયમાં ભૌતિકતા અને નૈતિકતાના સમાધાનશૂન્ય સંઘર્ષની કદાચ આ પરિણતિ છે. એક અખબારી અપશબ્દ છે: ભૂ-માફિયા. એ શબ્દ તો અમુક ચોક્કસ અકરાંતિયા લોભિયા વર્ગનો જ નિર્દેશ કરે છે. પણ માણસજાત લેખે આપણે શું છીએ? જલ વાયુ ભૂમિ આકાશ - એક શબ્દમાં કહું તો સકળ પ્રકૃતિના સંદર્ભે શું આપણે માફિયાથી લગીરે કમ છીએ?

૨૦૦૧માં ભગત સાહેબે જેને 'અવકાશોન્મુખ અને ભવિષ્યોન્મુખ' નગર ગણેલું તે બે જ દશક પછી, બાકીના જગતની જેમ જ મરણોન્મુખ બનીને ઊભું હતું. અમે કવિઓ આમેય હ્રદયથી ભાવનાશીલ અને આશાવાદી હોઇએ છીએ. પણ કાળ કવિઓને આ રીતે જ હઠાત્ ખોટા ઠેરવવામાં સફળ બને છે.
મેં પણ ૨૦૧૯માં એક ભાવનાશીલ ગઝલ લખેલી: **મારું ચાલે તો**
ને હું પણ કરૂણ રીતે ખોટો ઠર્યો.

એ ગઝલના અઠ્યાવીસે અઠ્યાવીસ શેરનું પ્રારંભ પદ આ જ હતું: મારું ચાલે તો....

આમ તો ગઝલકારોની જ્ઞાતિમાં શેર કહેતી વખતે 'દાદ ચાહુંગા'એવું કહેવાનો રિવાજ છે. મને કહેવા દો કે એક પણ ઓળખીતા કે અજાણ્યા ઈશ્વરે મારા આ શેરોને દાદ નથી દીધી.
એ ગઝલના આમ સાવ ભોંઠા પડેલા થોડા શેર કહું:

**મારું ચાલે તો મૂકું સૌને નયન હર્ષાશ્રુ**
**દે ખુદા બરકત પછી ઝાકળના કારોબારને**

આજે શી દશા છે? આજે કેવળ એક વિશાળ અશ્રુમાં પલટાઇ ગઇ છે આ શોકાતુર પૃથ્વી.

બીજો એક શેર છે:

**મારું ચાલે તો પરસ્પર પ્રેમથી આલિંગતાં**
**સૌ અહીં પાળે પવનલહરીના શિષ્ટાચારને**

આજે આલિંગનની વાત જવા દો, ઊમળકાભેર હું કે તમે આવી એકાદી પ્રેમસભામાં સદેહે ભેગા પણ થઇ શકતા નથી, અરે, ઉલ્લાસથી એવું પણ કહી શકતા નથી કે : લાવો તમારો હાથ મેળવીએ...

**મારું ચાલે તો લસોટું કલ્પવલ્લિની બૂટી**
**ને રસું અમૃતના સંસ્પર્શથી ઉપચારને**

આજે કલ્પવલ્લીની બૂટીની વાત છોડો, ઔષધ માટે ય દુખિયારા લોક વલખાં મારે છે. કાળાંબજાર થાય છે. સંજીવનીને નામે ઝેરકચોલાંના સોદા થાય છે. કેટલાક લોકોએ આર્યભિષકને પણ જાણે અનાર્યભિષક બનાવી દીધો છે.

જો કે આ કવિને પોતાના અધિકાર અને સામર્થ્યની મર્યાદાની જાણ છે, એટલે એમાં અંતિમ પહેલાંનો - last but one શેર આ છે:

**મારું ચાલે તો- જવા દો- એ હનન કરતો સદા**
**ચાલવા ક્યાં દે છે ઈશ્વર માનવાધિકારને**

ને આપણને સૌને ખબર હોય છે કે ઈશ્વરો બે પ્રકારના હોય છે: એક તે બ્રહ્માંડમાં વસનારા- universal ને બીજા પાર્થિવ, પ્રાદેશિક, લોકલ ને વોકલ. તો આવા ઈશ્વર અને મનુષ્યના કુટિલ સંબંધની આવી સ્પષ્ટ સમજ ધરાવતો હોવા છતાં મક્તાના અંતિમ શેરમાં હઠીલો, ભાવનાશીલ અને આશાવાદી કવિ આવું 'ભડલીવચન' ઉચ્ચારી બેસે છે.

**મારું ચાલે તો- ન ચાલે તોય - મક્તામાં અહીં**
**હું ભણું ભડલીવચન : શાતા વળો સંસારને**

નર્મદે ગાયેલું: **.....સુરત, મુજ ઘાયલ ભૂમિ,**
આજે આપણે વિશ્વના કયા નગરનું વિશેષ નામ મૂકીશું? આજે તો આપણી સમક્ષ બચ્યું છે, ઈસ્ટ વેસ્ટ મીડલ ઈસ્ટ લેટિન અમેરિકા કેરેબિયન દ્વીપસમૂહ એમ બહુવચન ધરાવતું વિશ્વ નહીં, એકવચનમાં જ સંબોધી શકાય એવું ઘાયલ વિશ્વ. એક મૃત્યુલોક. આપણી અફાટ પૃથ્વી, એક બૃહદ્ રુગ્ણાલય. ચન્દ્ર કે જેનું એક નામ ઔષધપતિ છે તે એની પ્રદક્ષિણા કરતો રહે છે, તોય આજે એ પૃથ્વી લાઈલાજ સત્તાધીશો ને લાઈલાજ હકીમોની સારસંભાળ હેઠળ ઊંહકારા ભરી રહી છે. આ પીડાને સમેટતું નવું પૃથ્વીસૂક્ત શી રીતે રચી શકાશે?

૨૦૧૯ની મારી ગઝલનો સર્વે સંતુ નિરામયા જેવો શેર કવિનું ભડલી વચન હોવા છતાં ૨૦૨૦-૨૧માં વિકરાળ મહાકાળ એને મિથ્યા સાબિત કરી રહ્યો છે.

ઊર્મિમય સત્યનું આ મિથ્યાત્વ કવિની નિયતિ છે.
એટલે આપ સૌ જેની નવાજેશ કરી રહ્યા છો તે ગૌરવભર્યો નિરંજન ભગત સ્મૃતિ પુરસ્કાર હું સંતપ્ત હૃદયે સ્વીકારું છું. સહર્ષ સ્વીકાર મારા ભાગ્યમાં નથી.

રવીન્દ્રનાથની 'પ્રશ્ન' કાવ્યની પંક્તિઓથી હું મારી વાતનું સમાપન કરું:

**કણ્ઠ આમાર રુદ્ધ આજિકે, બાંશિ સંગીતહારા,**

**અમાવસ્યાર કારા**
**લુપ્ત કરેછે આમાર ભુવન દુ:સ્વપ્નેર તલે;**
**તાઇ તો તોમાય શુધાઇ અશ્રુજલે**
**યાહારા તોમાર વિષાઇછે વાયુ, નિભાઇછે તવ આલો,**
**તુમિ કિ તાદેર ક્ષમા કરિયાછ, તુમિ કિ બેસેછ ભાલો?**

મારો કંઠ આજે રૂંધાયેલો છે, બંસી સંગીતવિહોણી છે, અમાવસ્યાના કારાગારે મારા ભુવનને દુ:સ્વપ્નમાં લુપ્ત કરી દીધું છે; એટલે જ તો તને અશ્રુ સાથે પૂછું છું: જેઓ તારા વાયુને વિષમય બનાવે છે, તારા પ્રકાશને બુઝાવે છે, તેમને તેં ક્ષમા કરી છે? તેમને તેં પ્રેમ કર્યો છે?
આ પ્રશ્નનો ઉત્તર શું છે: આમિ જાનિ ના.